**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૪૦૮૯ તા. ૨૭/૧૦/૨૦૨૦

પરિપત્ર:૨૨૮૬

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર અને પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ ગોધરાના તા.૧૭/૧૦/૨૦૨૦ ના પત્ર ક્રમાંક: વહટ/સીબી-૨/શહિદ દિન /૧૧૦૯૬/૨૦૨૦ અનુસાર, ગોધરા અને તેના આજુબાજુના વિસ્તારો/જિલ્લાઓમાં પોલીસ ફ્લેગ ડે ની ઉજવણી તા. ૨૧ ઓક્ટોબર થી ૩૧ મી ઓક્ટોબર, ૨૦૨૦ દરમ્યાન કરવાની થાય છે. આ સંદર્ભમાં, શ્રી ગોવિંદ ગુરુ યૂનિવર્સિટી, ગોધરાના તાબા હેઠળ આવતી કોલેજોના વિદ્યાર્થીઓ ખાસ શહિદ દિનનું મહત્વ સમજે એવા હેતુથી, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી. દ્વારા, યુનિ. કક્ષાની નીચેની ઓનલાઈન સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે દરેક વિદ્યાર્થી નીચે આપેલ વિગતો અનુસાર પોતાની કૃતિ, JPEG અથવા PDF ફોર્મેટમાં યુનિ. ના ઇ-મેઈલ એડ્રેસ **nss@sggu.ac.in** પર તારીખ ૩૧મી ઓક્ટોબર, સુધી મોકલી આપવાના રહેશે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને યુનિ. તરફથી સર્ટિફિકેટ પુરસ્કાર સ્વરૂપે એનાયત થશે. આ પ્રોગ્રામમાં ખાસ એન.એસ.એસ./એન.સી.સી./સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓ જોડાય તે ઇચ્છનીય છે, આ ઉપરાંત યુનિવર્સિટીનો કોઈપણ વિદ્યાર્થી આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. વધુમાં તારીખ ૩૧ મી ઓક્ટોબર ના દિવસે, પોલીસ ફ્લેગ ડે ની ઉજવણીના ભાગ સ્વરૂપે એક ઓનલાઈન લેકચરનું પણ આયોજન થશે, જેમાં વિવિધ મહાનુભાવો પણ જોડાશે, આ લેકચરનો યોગ્ય રીતે પ્રચાર પ્રસાર થાય તે પણ જોવાનું રહેશે. તારીખ પૂર્ણ થયા બાદની અરજીઓ ધ્યાને લેવાશે નહીં, જેની નોંધ લેશો. વધુ માહિતી માટે ડો. રૂપેશ એન. નાકર, આસિ.. પ્રોફેસર, શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરા (મો. ૮૧૪૧૪૩૧૪૬૨) નો સંપર્ક કરવો.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા

જાણ સારું:

- સમગ્ર કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વિદ્યાર્થીઓ તરફ
- પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ તરફ જાણ સારું

**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧

# "સ્પર્ધાઓની વિગત"

[1] ચિત્ર સ્પર્ધા- વિષય: પોલીસની બહાદુરી અથવા પોલીસ ફ્લેગ ડે નું મહત્વ (કોઇપણ એક પસંદ કરવો)

- નિયમો- આ સ્પર્ધામાં A3 સાઈજના કાગળ પર ચિત્ર બનાવવાનું રહેશે. જેનો ફોટો યોગ્ય રીઝોલ્યુશન સાથે JPEG/PDF ફોર્મેટમાં મોકલવાનો રહેશે.

[2] નિબંધ સ્પર્ધા- વિષય: પોલીસ ની બહાદુરી અથવા પોલીસ ફ્લેગ ડે નું મહત્વ(કોઇપણ એક પસંદ કરવો)

- નિયમો- આ સ્પર્ધામાં A4 સાઈજ ના કાગળ પર 7 થી 10 પેજિસમાં વધુમાં વધુ, ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં નિબંધ લખવાનો રહેસે. જેનો હાથ લિખિતનો ફોટોયોગ્ય રીઝોલ્યુશન સાથે JPEG/PDF ફોર્મેટમાં મોકલવાનો રહેશે.

બંને ચિત્ર અને નિબંધ nss@sggu.ac.in ઇ-મેઈલ પર વિદ્યાર્થીનું નામ, કૃતિનું નામ, જેમાં ભાગ લેવો રહે તે સ્પર્ધાનું નામ (ચિત્ર સ્પર્ધા / નિબંધ સ્પર્ધા), મોબાઈલ નંબર, કોલેજનું નામ, ઉમર, પ્રિન્સિપાલશ્રીના નામની વિગતો સાથે ઉપરોક્ત ઇમેલ પર મોકલી આપવાની રહેશે.